## નયના કથાનક

એ ખુશનુમા સવારે સૂર્યનાં કૂણાં ગુલાબી કિરણોમાં ગજબ કોમળતા અને અદ્ભુત સોનેરી ઝાંય ભળેલી હતી. રાતભર અંધકારની કેદમાં રહીને છૂટા થતાં જ આખી દુનિયા ફરી વળવા પૂર્વથી દેમાર ઝડપે પૃથ્વી પર વરસતાં કિરણો અતિશય આહ્લાદક હતાં. સવાર જરાય નિસ્તેજ નહોતી. નાગપુરમાં સવાર ક્યારેય ઝાંખી હોતી જ નથી, તેમાં અનેરી તેજસ્વિતા અને અનુપમ ઉત્સાહ રહેતો. પવન રસ્તાઓ ઉપર બાળકની માફક આળોટતો, વૃક્ષોને હચમચાવી દેતો હતો અને કોઈ પ્રેમી તેની મહેબૂબાને ઝુકાવીને ચૂમે તેમ ફૂલોના છોડને હળવેથી નમાવતો હતો, જાણે તાજાં ઊઘડેલાં ફૂલોને ચૂમતો હતો.

ઉષાના રંગો આછા ગુલાબી રંગમાં ફેરવાયા હતા. આકાશમાં સવારનો સંદેશો લઈને ફરતાં પક્ષી એમના મીઠા અવાજથી બધાને સવાર થયાની વધામણી આપતાં હતાં, પણ એ મહેનત નકામી હતી. આકાશમાં ફેલાયેલી ગુલાબી ઝાંય, આછાં ભૂખરાં વાદળો અને સ્વર્ગીય શક્તિએ ફેલાવેલો અલૌકિક ઉજાસ દિવસની વધામણી આપી ચૂક્યાં હતાં. છતાં પક્ષીઓ પોતાનો રોજિંદો નિયમ ભૂલવા માગતાં ન હોય એમ મીઠા અવાજે ગાઈ કોઈ એ સવારથી અજાણ તો નથી રહી ગયું એની ખાતરી કરી લેતાં હતાં.

હું સપનામાં હતી. ચોક્કસ હું સપનું જોઈ રહી હતી એનાં બે કારણ હતાં. એક મને ઊંઘ્યાને હજુ વાર થઈ નહોતી. એટલા સમયમાં સવાર ન થાય અને બીજું હું જે સ્થળને જોઈ રહી હતી એ નાગપુરનું મારા ઘરને છેવાડે આવેલ જંગલ હતું. હું સપનામાં હોઉં અને એ જંગલ ન દેખાય તેવું ક્યારેય બનતું જ નહીં, બન્યું જ નહોતું. મને ખાતરી હતી કે એ સપનું હતું. હવે મને પહેલાંની જેમ રોજ સપનાં ન આવતાં, પણ જ્યારે આવતાં ત્યારે નાગપુરનું એ જંગલ મારાં સપનાંઓમાં અચૂક રહેતું.

હું એ જંગલના ધબકતા હૃદય જેવા ભેડાઘાટ પર હતી. ભેડાઘાટ જંગલમાં ભૌગોલિક રીતે કંઈક એમ ગોઠવાયેલો છે કે નાગપુર જંગલના નકશામાં જોતાં એ જંગલનું હૃદય લાગે. ભેડાઘાટ એક એન્સાઇન્ટ પ્લેસ છે, આહ્લાદક અવિસ્મરણીય અને અનુપમ.

સંધ્યાના રંગો મને ઘેરી વળ્યા હતા. મારા ઉઘાડા પગ જમીન પર પથરાયેલા કોમળ લીલા ઘાસની ઠંડક અનુભવતા હતા. હું ધીમે પગલે ઘાટ પરના ભવ્ય અને પ્રાચીન નાગમંદિર તરફ જતી હતી. ઘાસ જાણે કોઈ વેલ્વેટી કાર્પેટ હોય એમ મારા પગને હૂંફ આપતું રહ્યું. ચારે તરફ દૂર દૂર સુધી ભવ્ય, ઊંચાં તોતિંગ વૃક્ષો ફેલાયેલાં હતાં. મારી ડ્રીમ થિયરી માટે એ પણ એક જવાબ હતો. ભેડાઘાટ પર ખરેખર એટલાં વિશાળ વૃક્ષો હતાં જ નહીં. કદાચ એક સમયે હશે પણ અત્યારે તો નહીં.

હું એ જગ્યા સાથે વર્ષોથી જોડાયેલી હતી. જન્મોથી જોડાયેલી હતી એમ કહું તોય ખોટું નથી, છતાં મેં ક્યારેય ત્યાં એવાં વિશાળ વૃક્ષોની કેનોપી જોઈ નહોતી. ઉપરના ભાગે નજર પહોંચી શકે તેટલી ઊંચાઈ સુધી વૃક્ષોની ફેલાયેલી શાખા અને ઉપર જતાં એ શાખાઓ એકબીજામાં

અદ્ભુત રીતે પરોવાઈ જતાં અલગ અલગ વૃક્ષોની બંધાઈ જતી ગાંઠ, એ ગાંઠમાંથી ચળાઈને આવતાં સૂર્યનાં સોનેરી કિરણો અને એમની ગુલાબી ઝાંય મને સ્વર્ગનો અનુભવ કરાવતાં હતાં.

વિવિધ જંગલી પ્રાણીઓના ચિત્ર-વિચિત્ર અવાજો સંભળાતા હતા. મોટા ભાગના અવાજો આહ્લાદક હતા. ભેડા પર ક્યારેય ભયાવહ પ્રાણીઓ જોવા મળતાં નહીં. જેમ હું આગળ વધતી ગઈ, જમીન પર ઘાસને બદલે વૃક્ષોનાં ખરી પડેલાં સૂકાં પાનનું સામ્રાજ્ય વધતું ગયું અને આખરે હું પાંદડાંની ચાદર પર પહોંચી.

જંગલની સુંદરતા જાણે મારા હૃદયને સાંત્વના આપવા માટે પૂરતી ન હોય એમ એક નાનકડું પક્ષી હું જ્યાં ઊભી હતી એની નજીકના ઝાડની ડાળ પર બેસી તેના મીઠા આવાજે ગાવા લાગ્યું. એકાએક પક્ષી ત્યાંથી ઊડીને મારા ખભા પર આવીને બેઠું. એનું શરીર ચાંદીની જેમ ચમકતું હતું. એના મીઠા અવાજમાં લાખો શરણાઈના સૂર જેવી મધુરતા હતી. તેનાં પીંછાં ખૂબ સુંવાળાં હતાં. તેની ચાંચ અને આંખો તાજા જન્મેલા બાળક જેવી સુંવાળી હતી. તેના પેટનો ભાગ બાકીના શરીરથી સહેજ ફૂલેલો હતો.

મારા ચહેરા પર અને આંખોમાં એક સ્મિત રમવા લાગ્યું. હું છેકથી એવી હતી. વરસાદના ચાર છાંટા કે ખીલેલા ફૂલ પર બેઠેલું પતંગિયું નિહાળી આનંદમાં આવી જતી. મને એ પક્ષી સપનામાં પણ આનંદ આપતું હતું. મને બાળપણથી જ પક્ષીઓ અને સસલાં પસંદ હતાં.

જંગલમાં એક ગજબ ખુશબો ફેલાયેલી હતી. એ પલ્પી સ્મેલ કોઈ સેલેસ્ટીયલ સેન્ટનું કામ કરી જંગલના દરેક જીવમાં ઉત્સાહ ભરતી હતી. એ દૃશ્ય બ્રેથ ટેકિંગ હતું. જાણે હવા પણ શ્વાસ-ઉચ્છ્વાસની ક્રિયાથી અપવાદ ન હોય એમ ધીમી લહેરખીરૂપે શ્વાસ લેતી તો ક્યારેક જરા તેજ લહેરખી બની શ્વાસ છોડતી હતી.

હું સફેદ કપડાંમાં હતી. એ ફ્રૉક હતું. હું સાત-આઠ વર્ષની હતી ત્યારે જે ફ્રૉક પહેરી અમારા ઘર પાછળના જંગલમાં ફરતી એવું ફ્રૉક નહીં, પણ સિત્તેર-એંસીના દાયકામાં જે ફેશન ચાલતી તેવું ફ્રૉક. મને નવાઈ ન લાગી કેમ કે મેં મણિ હાથમાં લીધું હતું અને મને મારી યાદો મળી ગઈ હતી, પૂર્વજન્મની યાદો.

મને યાદ હતું એ ફ્રૉક મેં ગયા જન્મમાં કયા દિવસે પહેર્યું હતું. એ મને કપિલે ગિફ્ટ કર્યું હતું, મતલબ વરુણે. એ સમયે એનું નામ વરુણ હતું. તમારો પરિચય એની સાથે થઈ જ ગયો હશે. મને ખાતરી છે એણે પોતાના વિશે તમને કહ્યું હશે એના કરતાં મારા વિશે વધુ કહ્યું હશે. એના મનમાં અને હૃદયમાં હંમેશાં મારા જ વિચારો ચાલતા હોય છે.

એ હવે મને કૉલેજમાં પહેલે દિવસે મળ્યો હતો એવો અકડુ કપિલ નથી રહ્યો. એ મારા માટે હું ઊઠું એ પહેલાં ચા બનાવી રાખે છે. મને જ્યારે મારી ફેવરિટ બુક વાંચવાનો કંટાળો આવે તો એનાં એકાદ-બે પ્રકરણ જરા પણ કંટાળ્યા વિના વાંચી સંભળાવે તેવો ડાહ્યો-કહ્યાગરો કપિલ બની ગયો છે. યસ, તમે જો સ્ત્રી-વાચક હશો તો તમને ઈર્ષા થઈ આવે તેવો આદર્શ પતિ કપિલ છે.

એ ગુસ્સો તમને યાદ છે ને, કૉલેજ પાછળનું ગાર્ડન. કપિલે મને રડાવી હતી. તેણે એ માટે

મારી સોથી પણ વધુ વાર માફી માગી લીધી છે. એ હવે નાઇસ બની ગયો છે, કેમ કે એ હવે મારો બૉયફ્રેન્ડ નહીં હસબંડ છે.

કદાચ તમને નવાઈ લાગશે કે અમે એ સ્થળે લગ્ન કેમ કર્યાં હશે, પણ એ જ હકીકત છે. અમારાં લગ્ન ભેડાઘાટ પાસેના શિવમંદિરમાં થયાં હતાં, જે ખંડેર હાલતમાં છે.

એ કપિલનો નિર્ણય હતો. મને પણ એ નિર્ણય યોગ્ય લાગ્યો હતો. ગયા જન્મે જે મંદિર સામે અમારો પ્રેમ અધૂરો રહી ગયો હતો. જે મંદિરની સાક્ષીએ બાલુ અને ઓજસ જેવા મિત્રોએ અમને એક કરવા માટે પોતાના જીવનની કુરબાની આપી હતી એ મંદિર કરતાં વધુ સારું સ્થળ અમને લગ્ન માટે દેખાયું નહીં.

“મમ્મી, હું અને કપિલ ભેડાઘાટ પરના શિવમંદિરમા મૅરેજ કરવા માગીએ છીએ.” મેં જ્યારે અમારો નિર્ણય જણાવ્યો ત્યારે મમ્મી-પપ્પાને પણ બહુ નવાઈ થઈ હતી.

“પણ એ તો ખંડેર છે.” મમ્મીએ વિરોધ દર્શાવ્યો હતો.

“મને ખબર છે. હું અને કપિલ, અમે એ મંદિર જોઈ પણ આવ્યાં છીએ.”

“નયના, બેટા ત્યાં ખંડેરમાં મૅરેજ રાખવાની શું જરૂર છે?” મમ્મી એકદમ સ્તબ્ધ બની ગઈ હતી.

“મમ્મી, મમ્મી એ મંદિર સાથે મારો ગયા જન્મનો સંબંધ છે, મારા ગયા જન્મના અધૂરા સપનાને પૂરા કરવા મારે ત્યાં જ લગ્નનું તોરણ બાંધવું છે. મારાં પૂજારી મમ્મી-પપ્પા આખું જીવન એ જ સપનું બાંધીને ફર્યાં હતાં, પણ એ પૂરું થયું નહોતું. એ જન્મમાં નહીં તો શું થયું? હું આ જન્મે એમનું એ સપનું પૂરું કરવા માગું છું.”

“પણ ત્યાં લોકો આવવાનું પસંદ કરશે?” મમ્મીએ છેલ્લી દલીલ કરી.

“લોકો માટે આપણે કોઈ હોટેલમાં રિસેપ્શન ગોઠવી દઈશું.” પપ્પા હંમેશની જેમ મારી વહારે આવ્યા હતા. “લગ્ન લોકો માટે નથી કરવાનાં. એનું જે સપનું છે એ લોકોની પસંદ નાપસંદ કરતાં વધુ મહત્ત્વનું છે. કોઈને પસંદ આવશે કે કેમ એ વિચારવામાં જ લોકોની લાખો ઇચ્છાઓ હૃદયમાં જ ધરબાઈ રહે છે અને હૃદયને પસંદ આવશે કે કેમ એની તો કોઈ ફિકર જ નથી કરતુ.”

હું જાણતી હતી પપ્પાએ કેમ એવું કહ્યું. પપ્પા જાણતા હતા મારો એ સ્થળ સાથે માત્ર ગયા જન્મનો જ નહીં, પણ આ જન્મનો પણ ગાઢ સંબંધ હતો. મને તો લાગતું મારો અનેક જન્મથી નાગપુરના એ જંગલ અને ત્યાંના દરેક ઝાડ સાથે સંબંધ હતો. ભેડાઘાટ અને આખાય જંગલ સાથે મારા શરીરના અણુએ અણુ જોડાયેલા હતા. નાગમતી નદીના પાણીના એક એક બુંદ સાથે મારે કોઈ બૉન્ડ હતો.

ભેડાઘાટ પર એ દિવસે અનેરી ભીડ છવાઈ ગઈ. અમે વિચાર્યું પણ નહોતું એટલા લોકો મૅરેજમાં આવ્યા હતા. અમને હતું લોકો એ ખંડેરમાં આવવાનું પસંદ નહીં કરે માટે શહેરમાં પાર્ટી પ્લૉટ બુક કરાવ્યો હતો, પણ લોકોએ ત્યાં આવવાનું પસંદ કર્યું.

કદાચ બધાંને લાગ્યું હતું કે અમે ઐતિહાસિક સ્થળને લગ્ન પ્લેસ બનાવી લોકોમાં ઇતિહાસ પ્રત્યે જાગૃતિ લાવનાર કપલ છીએ. અરે! બીજા દિવસે અમારા લોકલ ન્યૂઝ પેપરમાં સમાચાર પણ છપાયા હતા. એમાં કહેવામાં આવ્યું હતું કે ખરેખર એ એક પ્રશંસનીય પગલું હતું.

હું દુલ્હનના લાલ જોડામાં હતી. એક નાગિન માટે એ અદ્ભુત અવસર હતો. હું એક માનવ છોકરી હોત તો પણ એટલો જ આનંદ અનુભવી શકત. મને માનવ અને નાગ વચ્ચે કેટલાક સુપર પાવર બાદ કરતાં ક્યારેય કોઈ ફરક લાગ્યો જ નથી. એ ઇમોશન, ગુસ્સો, પ્રેમ, નફરત અને એ બાકીની બધી લાગણીઓ. માનવ અને નાગ વચ્ચે કોઈ અદમ્ય સંબંધ હશે એમ મને લાગતું.

કપિલ ઘોડા પર હતો. તમને નવાઈ લાગશે પણ એ ઘોડો વિવેકનો હતો, સ્ટેલીન – વિવેક એ સફેદ ઘોડાને પ્રેમથી સ્ટેલીન કહીને બોલાવતો. વિવેકના ફાર્મ હાઉસ પર ઘોડો હતો અને એને જૂના જમાનાના રાજવીઓની જેમ એના પર બેસી ભેડાઘાટ સુધી સવારી કરવી પસંદ હતી. ઓહ! તમને તો અમારા જીવનના ભયાનક પ્રસંગો કહેવામાં વિવેકના દોસ્ત કે તેના ઘર વિશે કોઈએ કશું કહ્યું જ નહીં હોય.

ખેર! એ કપિલની સાથે જ હતો. કપિલને ખાસ ઘોડેસવારીનો અનુભવ નહોતો. ન આ જન્મે, ન ગયા જન્મે (એના પહેલાંના જન્મ અમને અત્યાર સુધી યાદ નહોતા).

વિવેક એની સાથે જ ઘોડાની લગામ પકડીને ચાલતો હતો. મારા જીવનની એ સૌથી સુખદ પળ હતી. કપિલ સૂટમાં અદ્ભુત દેખાતો હતો. જ્યારે શેરવાનીમાં શોભતો વિવેક કોઈ રાજકુમારને પણ એક કદમ પાછળ પાડતો હતો.

લગ્ન સમારોહની શરૂઆત થઈ. સપ્તપદીના ફેરા શરૂ થયા. હું જાણે સ્વર્ગમાં હતી. મને કપિલના ચહેરા પર ભવિષ્યનાં સપનાંઓની ઝલક દેખાતી હતી. હું મહામહેનતે એના ચહેરા તરફ જોવાને બદલે નીચે જોઈને ચાલતી હતી. એ ચહેરાનું આકર્ષણ વર્ણવી ન શકાય એવું હતું.

પરિવાર, મિત્ર, રિશ્તેદાર અને શુભ ચિંતકથી શિવમંદિર ઊભરાતું હતું. મારી આંખોમાં આંસુ આવી ગયાં. અનન્યા તરીકેના જન્મે મારા પિતાજી આ જ મંદિરના મુખ્ય પૂજારી હતા. જ્યારે શિવરાત્રી હોય ત્યારે એ મંદિર આ જ રીતે માનવ મેદનીથી ઊભરાઈ જતું. શિવરાત્રીના દિવસે લોકોની ભીડ મંદિરમાં સમાતી નહીં.

મારાં મમ્મી-પપ્પા પાસે ઊભા રહી મારાં પૂર્વજન્મનાં માતાપિતા પણ જાણે મારા પર આશીર્વાદ વરસાવતાં હોય તેવું મને લાગ્યું હતું.

મેં આંસુઓને અલવિદા કહી જરા મલકી લીધું, કેમ કે એમનું સપનું પૂરું થયું હતું. એક સાથે મારાં બે માતાપિતાનું સપનું પૂરું કરવાનું મારું સપનું સાચું ઠર્યું હતું. અમે સપ્તપદીના ફેરા ભાવુક હદયે ફર્યાં – અમે સાત જન્મ માટે એકબીજાનાં બની ચૂક્યાં હતાં. આમ પણ હું અને કપિલ જન્મોજન્મથી એકબીજાનાં જ હતાં.

પંડિતે વિવાહ સંપૂર્ણનું એલાન કર્યું એ સાથે જ જાણે મને કોઈએ સ્વર્ગના રાજ્ય માટે તથાસ્તુ

કહી દીધું હોય એવી ખુશી અનુભવાઈ. મને એ પંડિતમાં મારા પૂજારી પિતાની જાજરમાન છબી દેખાઈ, ત્યાં ઊભેલી દરેક સ્ત્રીના ચહેરામાં મને એ વિસારે પડી ગયેલી માતાની મમતા અનુભવાઈ. આસપાસની આખી ભીડ સાથે એ જર્જરિત મંદિરમાં શોભતી શિવની મૂર્તિ પણ મને શુભ કામના પાઠવતી રહી.

કેમ ન પાઠવે?

એ શિવને કેટલાં બીલીપત્ર ચડાવ્યાં હતાં એ તો મને પોતાને પણ યાદ નહોતું, પણ ભોલેનાથ એ કઈ રીતે ભૂલી શકે? હળાહળ ઝેર પણ ગટગટાવી જનારા નીલકંઠ મેં એમનાં ચરણે ધરેલા શુભ્ર આકાશ જેવા દૂધના ભરેલા કળશિયા કઈ રીતે ભૂલી શકે? મેં શિવની એ સોહામણી મુરત સામે બેસી ભાવભીના અવાજે કેટલા સ્તોત્રો ઉચ્ચાર્યા હતા, શિવમહિમ્ન સ્તોત્ર તો મા સરસ્વતીની કૃપાથી મારા કંઠે થઈ ગયું હતું અને મંદિરમાં બિરાજમાન શિવ મૂર્તિનાં ચરણોમાં ભેડાઘાટનાં સુંદરથી સુંદર ફૂલોના ઢગ ધરી દીધા હતા. શિવ મારા પ્રેમના સાક્ષી હતા. બહાર એમનું પસંદગીનું બીલીનું ઝાડ અમારા પ્રેમનો પુરાવો હતું. એ ખંડેર મંદિર એક પળ માટે અખંડિત બની મને આશીર્વાદ આપવા લાગ્યું હતું.

કોઈ કઈ રીતે કહી શકે કે શિવ એ ભૂલ્યા હતા? અનેક વર્ષે અનન્યા અને વરુણ એક થયાં એ શિવના આશીર્વાદ નહીં તો બીજું શું હતું?

■

એ સાંજે સુમન પાર્ટી પ્લૉટમાં લગ્નની રિસેપ્શન પાર્ટી મારા માટે એક યાદગાર પળ હતી. અમે હનિમૂન માટે ક્યાંય બહાર ન ગયાં. એ મારો અને કપિલનો સહિયારો નિર્ણય હતો. અમને બંનેને અમારા પ્રદેશથી બહુ લગાવ હતો.

અમારો હર્યોભર્યો વિસ્તાર લીલાછમ પહાડોથી ઊભરાતો, કદાચ લોકોને સિમલા અને મનાલીમાં જ કુદરતી સુંદરતાનાં દર્શન થતાં હશે, પણ મારા માટે તો નાગપુરના છેવાડે આવેલું એ જંગલ સ્વર્ગ હતું. પર્વતની ગોદમાં વહેતી નાગમતી નદી, નદીના ખળખળ નીરમાં સર્પાકાર ઘૂમરી લઈને રચાતો વૉટર-ફૉલ, નાગ પહાડી, લીલો પહાડ કે જ્ઞાન પર્વત, પાતાળ પ્રવેશ ઝરણું, એના આસપાસના પહાડો – એ જંગલ જ મારું સ્વર્ગ હતું. મારાં ચારધામ અને અડસઠ તીર્થ ત્યાં જ હતાં.

સપનામાં એકાએક મને મારી જમણી તરફથી કપિલ આવતો દેખાયો. મારી નજર એ તરફ ફેરવાઈ ત્યારે મારી આંખો ફાટી ગઈ અને ગળામાંથી રાડ નીકળી ગઈ. કપિલનો ચહેરો લોહીથી ખરડાયેલો હતો. એનો નીચેનો હોઠ ચિરાઈ ત્યાંથી લોહી વહેતું હતું. લોહી તેની પાતળી હડપચી પરથી સરીને સફેદ શર્ટને ભીંજવી રહ્યું હતું. એનું શર્ટ પણ ઠેકઠેકાણેથી ફાટી ગયું હતું. એ મારી નજીક આવ્યો એ પહેલાં જ મેં એનો અવાજ સાંભળ્યો.

"નયના ભાગ... ભેડો ફરી તને ગળી જશે... નયના મંદિરમાં જા... આ જંગલ તારો જીવ લઈ લેશે..."

હું ભાગી ન શકી. હું કપિલને એ હાલતમાં છોડી કઈ રીતે જઈ શકું?

હું ત્યાં જ ઊભી રહી. એક ડગલું પણ આમ કે તેમ ખસ્યા વિના હું ત્યાં જ જડની માફક ઊભી રહી. કપિલ મારી તરફ દોડીને આવી રહ્યો હતો. એ મારી એકદમ નજીક આવ્યો ત્યાં સુધી હું એમ જ ઊભી રહી.

"કપિલ, તારા શરીર પર આ શું છે?" મેં એનું શર્ટ જ્યાંથી ફાટેલું હતું એ તરફ જોતાં કહ્યું.

કપિલે પોતાની છાતી તરફ નજર કરી ત્યાં તેના ચહેરા પરથી ટપકીને લોહી ભેગું થઈને જમા થઈ ગયું હતું. એ નવાઈપૂર્વક એની છાતી પર જમા થયેલ લોહીને જોઈ રહ્યો. એ લોહી એક આકૃતિ રચતું હતું. એ આકૃતિ સ્વસ્તિકની હતી – એક લાલ લોહીથી બનેલ સ્વસ્તિક.

મારી આંખો ખૂલી ગઈ. હું મારા બેડરૂમમાં હતી અને કપિલ મારી પાસે જ હતો. એ ઊંઘી રહ્યો હતો. એ માત્ર એક સપનું હતું, પણ હું જાણતી હતી કે એ માત્ર સપનું ન હતું. એ ભવિષ્યમાં આવનાર કોઈ આફતનો અણસાર હતો. કોઈ એવી આફત જેના માટે કુદરત અમને પહેલેથી ચેતવવા માગતી હતી.

■ ■ ■